
## ગાંધીનગર મને ગમે છે...



વિશ્વનું એક એવું નગર જ્યાં શિક્ષણ, સંસ્કૃતિ, સાહીત્ય, સંગીત, નાટય તથા કલાના વિવિધ પ્રકારોનું એક મધમીઠું ઝરણું વહે છે, એ નગર એટલે ગાંધીનગર. હા, ગાંધીનગર મને ગમે છે ફક્ત એટલે જ નહીં કે આ મારી જન્મભૂમિ છે, પણ એટલે કે, આ નગરએ આધુનિકતાને આવકારવા સાથે પોતાના મૂળ સ્વરૂપને પણ જાળવી રાખ્યું છે. આ તાસીર છે આ નગરની. પૂજ્ય રાષ્ટ્રપિતાના નામ સાથે સંબંધ ધરાવતા આ નગર એ સ્થાપના ના ૫૨ વર્ષમાં પોતાનું સ્થાન વિશ્વફલક ઉપર ઉભું કર્યું છે. સરકારી રાજધાની તરીકે સ્થપાયેલ આ રાજ્યના વહીવટી નગર એ પોતાના હૃદયમાં કલાકારો, વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ, મજૂરો, ખેડૂતો, ઉદ્યોગકારો વગેરે જેવા અનેકાનેક લોકોને સમાવ્યા છે. અને કદાચ આ લોકોએ પણ આ નગરને પોતાના હૃદયમાં સમાવ્યું છે. સામાન્ય રીતે બાળક જ્યારે ચાલતા શીખે ત્યારે એ જમીનની તાસીર એ બાળકની તાસીર બની જતી હોય છે. હું આ જ નગરના માર્ગો ઉપર ચાલતા શીખ્યો અને કદાચ ભવિષ્યમાં આકાશે ઊડવાનો વખત આવે તો પણ મારી તાસીર તો આ નગરની જ રહેશે. મારા જેવા અનેક યુવાનોને આ નગર એ શિક્ષણ, સંસ્કાર અને રોજગારી આપી છે. ઘણી વાર રાજ્યના પાટનગરની છબી ફક્ત વિધાનસભા અથવા સરકારી કામકાજ પૂરતી જ સીમિત હોય છે. પણ ગાંધીનગર આ છબીમાંથી બાકાત છે. સરકારી શેરીઓમાંથી બહાર નીકળો તો આ નગર એક અલગ જ અલૌકીક શાંતિનો અનુભવ કરાવે છે. પર્ણો પુષ્પોથી સુશોભિત બગીચાઓ હોય કે પછી વૃક્ષઆચ્છાદિત રાજમાર્ગો હોય, આ નગર કોઈના પણ મનને પ્રફુલ્લિત કરવા સક્ષમ છે. વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામ અને નગરદેવતા પંચદેવ ના આશિર્વાદ થકી આજે ગાંધીનગરમાં અનેક વિશ્વવિદ્યાલયો, શૈક્ષણિક સંસ્થાનો છે જે અહીંના તથા રાજ્યભરના હજારો વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય જેવી શૈક્ષણિક સંસ્થાઓ તો પ્રાથમિકથી લઈને પી.એચડી સુધીનું શિક્ષણ આપે છે. વળી, આ નગરમાં ભારતીય વાયુસેના, સીમા સુરક્ષા બળ, સી. આર.પી.એફ., તટ રક્ષક દળ વગેરે જેવા સુરક્ષા બળોના સેનટર્સ હોવાથી અહીની શાળાઓ સૈનિકોના બાળકોને શિક્ષા પુરી પાડવાનું ઉત્તમ કાર્ય કરી શકે છે. પાટનગરને સાંસ્કૃતિક નગર બનાવવામાં તથા સંગીત-સાહિત્યના દ્રષ્ટિકોણથી આ નગરને ધબકતું રાખવામાં અહીં ગાંધીનગર કલચરલ ફોરમ, શિવરંજની, સાહીત્ય સભા, વગેરે જેવી અનેક સંસ્થાઓ વર્ષોથી પ્રવૃત છે. સ્થાપનાકાળથી જ માનવ સેવાની સુવાસ ફેલાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ જેમ કે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ, વગેરેનું યોગદાન આ નગરના પાયાને મજબૂત કરવામાં બહુ મોટું છે. વિશ્વ કક્ષાનું ગિફ્ટ સીટી આજે વિશ્વની અને દેશની મોટી કંપનીઓને આકર્ષિત કરે છે. ઉત્તમ કક્ષાના ઓફરફલાય, અંડર બ્રિજ, સિક્સ લેન માર્ગો ઉપર દોડીને ગાંધીનગરએ વિકાસ તરફ તેજગતિથી પ્રયાણ કર્યું છે. લગભગ તમામ મોટી હોટલ ચેઈનના આઉટલેટ્સ, શોપિંગ મોલ, પાંચ સિતારા લીલા હોટલ, ઈજનેરી અજાયબી સમુ રેલવે સ્ટેશન, પ્રખ્યાત મહાત્મા મંદિર, દાંડી કુટિર જેવા અનેક ઘરેણાઓ ગાંધીનગરને જાણે નવવધુની જેમ શણગારે છે. આટલી બધી લાક્ષણિકતાઓ જાણ્યા પછી બસ અંતે, આ નગરને એટલું જ કહેવાનું કે, "એકબીજાને ગમતા રહીએ"..!

**- નિસર્ગ બુચ ' રૈવતક'**

# નિયમિત રહો એક દિવસ તમે આ દુનિયાને હકારાત્મકતાથી ભરી દેશો

## લંડનમાં ફીટનેસનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ શહેરમાં ૭ વર્ષથી જીમમાં ટ્રેનિંગ આપતા કેવલ રીનીસ ફીટનેસ સ્ટુડિયો ૨.૦ ના ઓનર રીની ખંભોળજા

ગાંધીનગર, તા. ૨૯

નસીબ ઉપર નહિ મહેનત ઉપર વિશ્વાસ કરો અને પછી જુવો તમને સફળ થવામાં કોઈ નહિ રોકી શકે... આ પંક્તિ એટલે મુકવામાં આવી છે કારણ કે મહેનત અને વિશ્વાસથી શહેરની એક જીમ ટ્રેનર









આજે સફળતાના માર્ગે છે.

ગાંધીનગરમાં ''કેવલ રીનીસ'' ફીટનેસ સ્ટુડીયોના ટ્રેનર તથા ઓનર રીની ખંભોળજા... રીની ખંભોળજા મૂળ ઉમરેઠ ગામના છે પરંતુ વર્ષોથી ગાંધીનગરમાં તેમના દાદા હરીહર ખંભોળજા અહીંયા રહેતા હોવાથી માતા-પિતાની સાથે રીની પણ વર્ષોથી ગાંધીનગરમાં જ ગ્રીનસીટીનું જીવન માણી રહ્યા છે. મનોવિજ્ઞાન વિષયમાં બી.એ.નો અભ્યાસ કર્યા બાદ ગ્રેજ્યુએશન પછી તેમના જીવનનો વળાંક આવ્યો કે હવે આગળ મારે શું કરવાનું ? જો કે ગ્રેજ્યુએશન પછી દરેક વિદ્યાર્થીને આ જ મુંજવણ આવતી હોય છે. અમુકને ફિક્સ જ હોય કે મારે ડૉક્ટર, એન્જિનિયર વિગેરે ડિગ્રી હાંસલ કરવી છે. ત્યારે રીનીએ ક્રીમીનલ સાયકોલોજી કરવાની ખૂબ ઈચ્છા હતી એ પણ વિદેશમાં જઈને તેનો અભ્યાસ કરવાની દિલથી ઈચ્છા હતી. પરંતુ સંજોગાવસાત તે ન થઈ શક્યું.

ગ્રેજ્યુએશન બાદ સ્નેહીજનો દ્વારા અલગ અલગ મંતવ્યો મળતા રહેતા કે હવે ફેશન ડીઝાઈનની ફિલ્ડમાં આગળ વધો, વિદેશ જઈને સેટ થઈ જાઓ, સાયકીયાસ્ટ્રીક બની જાઓ પરંતુ રીનીને ઈન્ડિયામાં જ અને એ પણ ગાંધીનગરમાં જ સેટ થવું હતું. અને પોતાના પરિવાર સાથે માતા-પિતા સાથે અહીંયા જ રહેવુ હતું.





કોલેજના જીવનકાળ બાદ દરેકના જીવનમાં સારો જીવનસાથી મળે છે તેમ રીનીના જીવનમાં પણ લાઈફ પાર્ટનરની એન્ટ્રી થઈ હતી. ગાંધીનગરમાં વર્ષોથી જાણીતા જીમના ઓનર અને ટ્રેનર કેવલ ચૌહાણ સાથે રીનીના લગ્ન થયા. બન્ને એક સાથે મળીને હેલ્થ એન્ડ ફીટનેસમાં કારકિર્દી બનાવી અને નવી બ્રાન્ચ શરૂ કરી જેનું નામ કેવલ રીનીસ ફીટનેસ સ્ટુડિયો ૨.૦ છે. આ સ્ટુડિયોની શરૂઆત થઈ તે પહેલા રીનીએ વિદેશમાં (લંડન) જઈને ફીટનેસ સંલગ્ન સર્ટીફિકેટ કોર્ષ પણ કર્યો હતો. જેમાં કુલ ૬ જેટલા સર્ટીફિકેટ કોર્ષનો સમાવેશ થાય છે. આ ફીલ્ડમાં પૂરી મહેનત કરીને આ કોર્ષમાં પ્રથમ ક્રમે આવ્યા હતા. એ પણ આખી બેચમાં માત્ર એક રીની જ ભારતીય નાગરિક પૈકી હતા.

YMCA F177 LONDON માંથી સર્ટીફિકેટ કોર્ષ કર્યા બાદ કેવલ ચૌહાણ સાથે કેવલ ફીટનેસ સ્ટુડિયો ચલાવતા હતા. ત્યારબાદ સ્ટુડિયોમાં વધતી જતી સંખ્યાના કારણે નવી બ્રાન્ચ શરૂ કરી જે આજે કાર્યરત છે. કેવલ રીનીસ ફિટનેસ સ્ટુડિયો ૨.૦. આ ફીટનેસ સ્ટુડિયોને સાત વર્ષ જેટલો સમયગાળો થયો છે.

જીમ શરૂ કર્યા પછી ઘણા બધા સારા અચિવમેન્ટ પણ મળ્યા છે. બીજેપી યુથ કાઉન્સીલ તરફથી યંગ સકસેસફૂલ એન્ટરપ્રિનિયોર એન્ડ બેસ્ટ ફિમેલ ફિટનેસ ટ્રેનરનો અવોર્ડ પણ મળ્યો છે.

આ જીમમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદથી ફીટનેસ ટ્રેનિંગ લેવા માટે ક્લાયન્ટ આવે છે. એથી વિશેષ વિદેશમાંથી પણ ટ્રાન્સફોર્મેશન ટ્રેનિંગ લેવા માટે ક્લાયન્ટ આવે છે. ઈન્ટરનેશનલ ક્લાયન્ટ ઓનલાઈન ટ્રેનિંગ લઈ રહ્યા છે.

મહિલાઓનું જીવન સકારાત્મકતા અને હકારાત્મકાથી ઉજ્જવળ બનાવતા રીની ખંભોળજા ઘણી બધી મહિલાઓ માટે સાચી પ્રેરણાનું ઉદાહરણ સાબિત થયા છે.

**સંદેશ : મહિલા જે ઈચ્છે તે બની શકે છે, નેવર કોમ્પ્રોમાઈઝ યોર ડ્રીમ...**



જૂન ૨૦૧૯માં ઈન્ફોસિટી જીમના ઓપનિંગ સાથે રીની મેડમ સાથે મારી ફિટનેશ જર્નીની પણ ઓપનિંગ થઈ. તેઓ માત્ર એક સારા ફિટનેશ કોચ જ નહિ પરંતુ લાઈફ માટે પણ એટલા જ હકારાત્મક અને ઉત્સાહી વ્યક્તિ છે. તેઓએ મારી બોડીને શેપમાં લાવવામાં તો મદદ કરી જ છે પણ સાથે સાથે કસરતની નિયમિતતાએ માઈન્ડને પણ કેટલું રીફ્રેશ કરીને લાઈફમાં કેટલી પોઝિટિવિટી ભરી દે છે તે પણ પૂરવાર કર્યુ છે. મારા માટે રીની મેડમ એટલે પોઝિટિવિટીનો પર્યાય.

**- અંકિતા પ્રજાપતિ**



હું રીની મેડમની પહેલાથી ફેન રહી છું. મેં એમની જોડે પ્રેગ્નેન્સી પહેલા, પ્રેગ્નેન્સી દરમિયાન પણ ટ્રેનિંગ લીધેલી છે. બધાને ગેરમાન્યતા હોય છે કે માતાએ પ્રેગ્નેન્સી દરમિયાન ફક્ત આરામ જ કરવો જોઈએ. રીની મેડમની ટ્રેનિંગ મારી નોર્મલ ડીલીવરીમાં મદદરૂપ રહી છે. હું એમની જોડે ફરી પોસ્ટ ડીલીવરી ટ્રેનિંગ લઈ રહી છું. તેઓ બધી મહિલાઓમાં ગજબ કોન્ફીડન્સ ઉત્પન્ન કરે છે. મહિલાઓમાં મે એમની જેટલી અદ્‌ભુત પ્રેરણાદાયક ફિમેલ ટ્રેનર નહોતી જોઈ.

**- ભૂમિ ત્રિવેદી વ્યાસ**

તમે તમારા જીવનમાં ઘણા માણસોને મળો છો તે બધા આવે છે અને જાય છે. કેટલાક તમને નીચે ધકેલે છે પરંતુ કેટલાક તમને ઉપર ઉઠાવે છે રિની એક એવી વ્યક્તિ છે જે માત્ર માણસોને જ નહી પણ તેમની ભાવનાઓ અને તેમના આત્મવિશ્વાસને પણ ઉત્થાન આપે છે તેમના ક્લાયન્ટને હાર ન માનવાની તેમની આ ગુણવત્તા તેમને શ્રેષ્ઠ ટ્રેનરમાંની એક બનાવે છે. સાથે જ હું ૭ વર્ષના છોકરાની માતા બનીને વધુ આત્મવિશ્વાસ અને ફિટ અનુભવું છું.



લવ યુ રીની મેમ...

**- જાનકી પ્રજાપતિ**

## મહુડી ખાતે ૧૦૦૮ કુંડીય વિશ્વશાંતિ મહાયજ્ઞ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૯

સમર્પણ ધ્યાન પરિવાર માટે સોમવાર, ૨૮ માર્ચ, ૨૦૨૨નો દિવસ ઐતિહાસિક રહ્યો. સમર્પણ ધ્યાન સંસ્કારના પ્રણેતા હિમાલયના મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીજીના સાંનિધ્યમાં ૧૦૦૮ કુંડીય વિશ્વશાંતિ મહાયજ્ઞ ખૂબ જ ચૈતન્યપૂર્ણ વાતાવરણમાં, ખૂબ મોટી સામૂહિકતામાં સંપન્ન થયો. દેશવિદેશના હજારો સાધકોએ આમાં ભાગ લીધો અને લાભાન્વિત થયા.

આજના પ્રતિકૂળ સમયમાં વિશ્વમાં સંતુલન, શાંતિ અને સુરક્ષિતતા જળવાય એ માટે સામૂહિકતામાં પ્રાર્થના કરવામાં આવી હતી. આ સમગ્ર મહાયજ્ઞનું સંચાલન સમર્પણ પરિવારના રામભાઈ પટેલ તથા હસિતભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

સવારથી જ સાધકોમાં ખૂબ ઉત્સાહ હતો. સવારે ચાર વાગ્યાથી જ જાણે દરેક રસ્તો આશ્રમ તરફ જ જઈ રહ્યો હતો. સવારે સાત વાગ્યે સામૂહિક ધ્યાન થયું. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવ અને ગુરુમાની ઉપસ્થિતિમાં મહાયજ્ઞની શરૂઆત થઈ. યજ્ઞથી સમગ્ર વાતાવરણ શુદ્ધ થઈ ગયું હતું. યજ્ઞ સમાપ્તિ બાદ પૂજ્ય સ્વામીજીએ પ્રદક્ષિણા દ્વારા સહુને દર્શન આપ્યાં.


પૂજ્ય સ્વામીજીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે મહુડી સ્થિત શ્રી ગુજરાત સમર્પણ આશ્રમ વિશ્વનું કેન્દ્રસ્થાન બનશે, જ્યાંથી સમગ્ર વિશ્વમાં ઊર્જા પ્રવાહિત થશે. ગુરુ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે ગુરુની અંદરથી હંમેશા પરમ ચૈતન્ય વહેતું રહે છે કારણ કે ગુરુ નિખાલસ હોય છે. ગુરુની પાસે એવું કોઈ જ્ઞાન હોતું નથી કે જે તેણે શરીરથી પ્રાપ્ત કર્યું હોય. ગુરુ એક અવિરત વહેતો પ્રવાહ છે. ગુરુ સહુને સાથે લઈને ચાલે છે.

આગળ એમણે જણાવ્યું કે આત્મશાંતિથી જ વિશ્વશાંતિ સંભવ છે. આત્મશાંતિ માટે સ્વયંનું આભામંડળ વિકસિત કરવું જોઈએ, જે વ્યક્તિ આ વિકસિત આભામંડળમાં આવશે, એ શાંતિ પામશે. એટલા માટે શરીરભાવથી મુક્ત રહીને પોતાનું આભામંડળ બનાવો અને સ્વયંના આસપાસના વિશ્વમાં સુરક્ષિતતા પામો.

# રંગ કસબીનો ગોલ્ડન વિઝા

આટલી વિશાળ, બહુવિધ અને સુંદરતમ પૃથ્વીનું જેણે સર્જન કર્યું તે શક્તિને ઈશ્વર' તરીકે ઓળખીએ છીએ. આવા ઈશ્વરને કોઈએ જોયા નથી કે ઈશ્વરની વ્યાખ્યા કરવી શક્ય પણ નથી. પરંતુ હકીકતમાં તો માનવજીવન ઈશ્વર સર્જન પર જ આધારિત છે. આપણે સૌ ઈશ્વરનો પર્યાય સર્જન એવી સાદી સમજણ કેળવીએ છીએ. સર્જનપ્રક્રિયા એટલે ઈશ્વરની તદ્દન નજીક રહેવાની પરિસ્થિતિ. માણસનું મન જ્યારે અતિ નિર્મળ હોય અને તેને અતિસુંદરની કલ્પના કરવી હોય અને આવી પરિસ્થિતિમાં તે જે સર્જન કરે તેને જ ઈશ્વર કહી શકાય. આવા સંગીતકારો, ચિત્રકારો, લેખકો, શિલ્પકારો, સ્થપતિઓ જેવા સર્જકો પર ઈશ્વરના સવિશેષ આશીર્વાદને કારણે પોતપોતાની કળાના માધ્યમથી આ વિશિષ્ટ લોકો ઈશ્વર સાથે સીધો સંવાદ સાધી શકે છે. અને તે દ્વારા આપણને સૌને ઈશ્વરના સર્જનની પ્રતિકૃતિ કરાવી શકે છે. આવા જ એક ઉત્તમ સર્જક, રંગોના કસબી, ઉદાત વ્યક્તિ અને ઉમદા મિત્ર એવા સુગત પ્રિયદર્શી વિશે વાત કરવી છે. તેમની કળાને બિરદાવતાં તાજેતરમાં જ દુબઈની સરકારે તેમણે ગોલ્ડન વિઝા આપવાની જાહેરાત કરી છે. સુગતભાઈનો જન્મ અમદાવાદમાં ૧૯૬૫માં થયો. ઘરમાં જ મુક્ત વાતાવરણ. ગાંધીનગર શહેરમાં વ્યવસાયિક કારણોસર કુટુંબ અત્રે સ્થાયી થયું. સુગતભાઈને નાનપણથી જ ડ્રોઈંગ અને પેઈન્ટીંગનો શોખ અને તે સમયના લીલાછમ અને નિર્મળ ગાંધીનગરના વસવાટથી મનના રંગોને જાણે સાનુકુળ પીંછી મળી ગઈ. પહેલાં માઉન્ટ કાર્મેલ અને પછી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ પૂરો કર્યો. ભાવથી ગુરુવંદના કરતાં સુગતભાઈ કહે છે, ''મારા ડ્રોઈંગના પહેલા ગુરુ પીટર સર. એમણે જ મને આ વિષયનું પાયાનું ઘડતર કરાવ્યું.'' ઝેવિયર્સના ભાગ્યે જ કોઈ શિક્ષક હશે કે જેમનું કેરીકચર કે કાર્ટુન કે સ્કેચ સુગતભાઈએ ન બનાવ્યું હોય! નાનપણમાં જ એટલા બધા કેચ અને પેઈન્ટીંગ તૈયાર થયાં કે પોતાના કઝીન જયેશ શ્રીમાળી સાથે મળીને વિચાર કર્યો કે આ બધાનું એકઝીબીશન લલીતકળાની ઓફીસમાં કરવું જોઈએ અને શિક્ષણમંત્રી દ્વારા ઉદઘાટન થવું જોઈએ.

તત્કાલીન શિક્ષણમંત્રી શ્રી દોલતભાઈ પરમારે નવાઈ સાથે પુછ્યું, ''શા માટે મારે તમારા પ્રદર્શનના ઉદઘાટનમાં આવવું જોઈએ?'' સુગતભાઈ પાસે જવાબ તૈયાર જ હતોઃ ''તમે શિક્ષણ મંત્રી છો અને અમારા જેવા ઉગતા કલાકારોને પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. અને એવું ઉદાહરણ પૂરું પાડવું જોઈએ કે તમે માત્ર પ્રતિષ્ઠિત કે મોટા નામ હોય ત્યાં જ જાવ છે એવું નથી પણ અમારા જેવા નાના વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહન આપો છો.'' સ્વાભાવિક રીતે સુગતભાઈના પહેલા પ્રદર્શનના ઉદ્‌ઘાટક ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી હતા. આમ ને આમ સર્જનના રંગે રંગાતા-ભીંજાતા સુગતભાઈ એમ. એસ. યુનિવર્સીટીના પ્રખ્યાત ફેકલ્ટી ઓફ ફાઈના આર્ટસમાંથી ગ્રેજ્યુએટ થયા. ત્યારબાદ શાળામાં ડ્રોઈંગ શિક્ષક તરીકે નોકરી શરૂ કરી અને સામાજિક માપદંડમાં યોગ્યતા પ્રાપ્ત કરવાની કોશિશ શરૂ કરી. પરંતુ આ વધારાના' વિષયના શિક્ષકનો પગાર અને શાળાઓમાં ડ્રોઈંગ શિક્ષકની ઘટતી જતી અગત્યતાથી સુગતભાઈ વ્યથિત હતા. તેમણે મુદ્રા કમ્યુનિકેશન્સ ખાતે વિઝયુલાઈઝાર તરીકેની તાલીમ લીધી અને ગ્રાફિક ડિઝાઈનર તરીકે થોડો સમય કાર્ય કર્યું. ત્યારબાદ ગાંધીનગરમાં આર. એન. લલિતકળા એકેડેમી ખાતે સ્કૂલ ઓફ એપ્લાઈડ આર્ટ એન્ડ મલ્ટીમીડિયા ડીપાર્ટમેન્ટનું પણ થોડો સમય સંચાલન કર્યું. પરંતુ કળાના માધ્યમ દ્વારા લોકોમાં સંવેદના પ્રસરાવવાના જે ઉદ્દેશ્ય સાથે આ ક્ષેત્રે ઝંપલાવ્યું હતું તેમાં ધારી સફળતા ન પ્રાપ્ત થઈ. નોકરી મુકી અને ગાંધીનગરમાં જ વ્યવસાયિક ધોરણે ડ્રોઈંગના વર્ગો શરૂ કર્યા અને લગભગ ત્રણ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ, વર્કિંગ પ્રોફેશનલ્સ, ડોક્ટર્સ, ટીચર્સ, ઉગતા કળાકારોને કળાનું જ્ઞાન અને શિક્ષણ આપ્યું. અને વખતોવખત આર્ટ અને પેઈન્ટીંગ પ્રદર્શનોમાં પોતાના રંગોની પૂર્તિ કરી. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત ગુજરાત સાહિત્ય પરિષદના અધિવેશન પ્રસંગે ગાંધીજીના જીવનને લગતા ઘણા બધા ચિત્રો બનાવ્યા. ગાંધીનગરના ઘ-૬ પરના જ્ઞાનશક્તિ' સર્કલની ડીઝાઈન બનાવી.





આટલી સફળતા પ્રાપ્ત હોવા છતાં સુગતભાઈને એમ લાગ્યું કે પોતે જે ઉદ્દેશ્ય લઈને નીકળ્યા છે તે સુધી પહોંચવામાં ધારી સફળતા મળતી નથી. એટલે તેમણે ૨૦૦૯માં દુબઈ ખાતેની જેએસએસ ઈન્ટરનેશનલ સ્કુલમાં હેડ ઓફ ધ આર્ટ ડીપાર્ટમેન્ટ તરીકે જોડાવાનો નિર્ણય કર્યો. દુબઈમાં સુગતભાઈની સર્જનશક્તિ ખીલી ઉઠી. તેમણે કોવિડ-૧૯ પેન્ડેમિક વખતે ફ્રન્ટ લાઈન વર્કર્સને બિરદાવવા ૩૦ દિવસમાં ૩૦ આર્ટ વર્ક બનાવવાનો સંકલ્પ પૂર્ણ કર્યો. તેમ જ જુન, ૨૦૨૦માં કોવીડયોદ્ધાઓને બિરદાવતું સોલો આર્ટ પ્રદર્શન યોજ્યું. નવેમ્બર ૨૦૨૧માં સ્થાનિક સંસ્થા ક્રીક દ્વારા અલ શીડાઘા મ્યુઝીયમ ખાતે ચિત્રના જીવંત પ્રદર્શન કર્યુ. ૨૦૨૦ અને ૨૦૨૧માં સુગતભાઈને કળાના ક્ષેત્રે વિશિષ્ઠ પ્રદાન બદલ નામદાર અલ ઝરૂનીના હસ્તે એવોર્ડ ઓફ એકસલન્સ એનાયત કરવામાં આવ્યો. તેમની કળા વિશે દુબઈના પ્રખ્યાત અખબાર ખૂલીજ ટાઈમસમાં લેખ પ્રગટ થયો તેમ જ આ જ અખબારમાં તેમણે નામદાર શેખ હમાદાનના જન્મદિવસે બનાવેલ ૪૫ ફૂટના ગ્રીટિંગ કાર્ડ વિશે પણ લેખ પ્રગટ થયો. ૨૦૨૧માં ભારતના સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે સુગતભાઈ વિશે સ્ટ્રોક ઓફ ફ્રીડમ' નામે લેખ ખલીજ ટાઈમ્સમાં આવ્યો. દુબઈ ખાતેની આર્ટ૪યુ ગેલેરી ખાતે 'હિલ ધ અર્થ—ડીફીટ કોવીડ૧૯' ચિત્ર સ્પર્ધામાં તેમને દ્વિતીય ઈનામ પ્રાપ્ત થયું. તેમની કળાકૃતિઓ THEE આર્ટીસ્ટ નેટવર્કના પ્રદર્શનમાં દેખાડવામાં આવી. ભારતના રેડીઓ સ્ટેશન ભારતી ૯૬.૭, ઝી ટીવી ઈન્ડિયા અને જયપુરના અખબાર વોઈસ ઓફ જયપુર દ્વારા એમના ચિત્રોનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું. ગર્વની બાબત એ છે કે સુગતભાઈની કૃતિઓ યુએઈના ૪૯માં વાર્ષિક દિન ઉજવણી પ્રસંગે FUNUN આર્ટ કોમ્પ્યુનીટી દ્વારા યોજિત વિઝન ૪૯ પ્રદર્શિત થઈ. તદુપરાંત, તેમણે આર્ટ ટોક કાર્યક્રમમાં બાળકોમાં કળાનું કેવી રીતે પોષણ કરવું તે વિષ્ય પર વક્તવ્ય આપ્યું તેમ જ ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જાગતિ માટેના કાર્યક્રમ ઓન થીન આઈસમાં સક્રિય યોગદાન આપ્યું. આ તો થઈ સુગતભાઈને પોતાની પ્રગતિની.

પરંતુ આ બધા સાથે એમને સતત વિચાર આવતો'તો કે સમાજને ઉપયોગી થઈ શકે તેવું પોતાના માધ્યમથી શું કરી શકાય? એટલે રંગોના કે ચિત્રોના માધ્યમથી આર્ટ થેરપીની નવી પધ્ધતિઓનો ઉપયોગ SEND એટલે કે ટુડન્ટ વીથ સ્પેશિઅલ એજ્યુકેશન નીડના ખાસ વિદ્યાર્થીઓમાં સમજણ શક્તિ વિકસિત થાય અને તેઓનો જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવાય તે માટે કર્યો. હાલમાં તેઓ બૃહદ સમાજને ઉપયોગી શકે તે માટે જાપાનના વૈજ્ઞાનિક ડૉ. માસારુ ઈમાટોએ તાજેતરમાં વિકસાવેલ ઉપચાર પદ્ધતિનો ઉપયોગ પોતાના રંગ અને ચિત્રકળાના માધ્યમ દ્વારા પોતાના વર્કશોપમાં કરવાના છે.

આ માટે તેઓ ન્યુરોગ્રાફિક આર્ટ થેરાપી, સુગંધ, સંગીત, અને વીડીઓના માધ્યમ દ્વારા લોકોના મનમાં શાંતિ, એકાગ્રતા અને નિર્મળતા ફેલાવવાનો પ્રયાસ કરશે. સુગતભાઈના આ તમામ વર્કશોપ વિના મુલ્ય કરી રહ્યા છે. સલામ. સુગતભાઈનો અંતિમ ધ્યેય કળાના માધ્યમ દ્વારા માનવજીવનને ઉજવવાનો, સામાજિક ઘટનાઓને રંગો દ્વારા કંડારવાનો, અને બને તેટલાં વધારે રેખાચિત્રો બનાવવાનો છે. રોજબરોજ બનતી ઘટનાઓ અને રોજબરોજ મળતા લોકો પાસેથી તેમને આ તમામ માટેની પ્રેરણા મળે છે. દુબઈનાં સત્તાધીશોને પણ સલામ છે કે આવા હોનહાર કળાકારને ''ગોલ્ડન વિઝા'થી સન્માનિત કરીને ત્યાં રહેતા લોકોને રંગોથી મઢી દીધા છે. આ વિઝા એ સુગતભાઈ તેમજ ત્યાંની સરકાર એમ બંનેનું સન્માન છે. કળા ક્ષેત્રે ખુબ પ્રગતિ અને વધુ ને વધુ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ માટે શુભકામનાઓ.

**- પ્રણવ જોષીપુરા**